For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**SMCની હદમાં આવેલા નોન પોલ્યુટીંગ ઉદ્યોગોને પણ નવી ટેક્સટાઇલ પોલિસીનો લાભ મળશે**

# બજેટ પહેલા જ સુરતને બમ્પર લાભ

**વિવિંગ,** ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટિચીંગ, એમ્બ્રોઈડરી તથા અન્ય એક્ટિવિટી સાથે સંકળાયેલા નોન પોલ્યુટીંગ ટેક્સટાઇલ મેન્યુફેક્ચરીંગ એકમોને કેપિટલ અને વીજ સબસિડી મળશે

સુરત, ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ અંતર્ગત મહિલા સશક્તિકરણ અને રોજગાર વૃદ્ધિને કેન્દ્રમાં રાખતો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પોલિસીમાં કરાયેલા સુધારાઓથી પ્રથમવાર ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોની મહિલાઓના સ્વસહાય જૂથો (SHG)ના સશક્તિકરણ અને આવકવૃદ્ધિને વ્યાપક પ્રોત્સાહન મળશે.મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણના અભિગમને વધુ મજબૂત બનાવવા માટે નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન (NRLM), નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (NULM) હેઠળ નોંધાયેલા તેમજ અન્ય સ્વૈચ્છિક સ્વસહાય જૂથોને ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ હેઠળ લાભપાત્ર બનાવવાના દિશાનિર્દેશો આપ્યા છે. આ નિર્ણયથી આજીવિકાના સમાન હેતુથી જોડાયેલી મહિલાઓના એક કે એકથી વધુ SHGને સીધો લાભ મળશે.

આ ઉપરાંત, રાજ્યની મ્યુનિસિપલ એરીયાની હદમાં આવેલા ગારમેન્ટ,

અનુસંધાન પાના 3 પર

### સરકારે ચેમ્બરની માંગણી સ્વીકારી :અશોક જીરાવાળા



ફોગવાના પ્રમુખ અને ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાળા એ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી દ્વારા ગુજરાત ટેક્સટાઇલ પોલીસી - 2024 અંતર્ગત સુધારાઓને આવકાર્યા છે.આ નિર્ણયથી સુરતમાં અત્યારે ગારમેન્ટિંગ,સ્ટીચિંગ,એમ્બ્રોઈડરી વર્ક સહિત ટેક્સટાઇલ વેલ્યુએડીશન વર્કમાં 2 લાખ મહિલાઓ કામ કરે છે. એમાં વધુ એક લાખ મહિલાઓને રોજી રોટી મળશે.

### સુરતના વિવિંગ ઉદ્યોગને મોટી રાહત : મયૂર ગોળવાલા



સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલા એ જણાવ્યું હતું કે, 1સપ્ટેમ્બર 2024 પછી SMC લિમિટમાં નવી ટેક્સટાઈલ મશીનરી ઇન્સ્ટોલ કરનારને ગુજરાત સરકારની નવી સુધારિત ટેક્સટાઇલ પોલિસી 2024 નો લાભ મળશે.એમાં નવી આધુનિક મશીનરી વસાવનારને 10 ટકા કેપિટલ સબસીડી અને HT/LT લાઇનમાં પાવર સબસિડી મળશે.

અનુસંધાન પાના 3 પર

### અપગ્રેડેશનને પ્રોત્સાહન મળશે: કમલવિજય તુલસ્યાન



પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસો.ના પ્રેસિડેન્ટ કમલવિજય તુલસ્યાન એ જણાવ્યું હતું કે," મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ટેકસટાઈલ પોલિસી 2024 માં કરેલો સુધારો ટેકસટાઈલ ક્ષેત્રમાં ટેક્નોલોજી અપગ્રેડેશનને પ્રોત્સાહન આપશે. વિવિંગ,એમ્બ્રોઈડરી, ગારમેન્ટ, સ્ટીચિંગ અને વોર્પ નિટિંગ

અનુસંધાન પાના 3 પર

### SMCની હદમાં આવેલી GIDCને મોટો લાભ: આશિષ ગુજરાતી



પાંડેસરા વિવર્સ સોસાયટીના પ્રમુખ અને ચેમ્બરના માજી પ્રમુખ આશિષ ગુજરાતી એ જણાવ્યું હતું કે,"વોટર જેટ લુમ્સ અને ડાંઇગ હાઉસ એકમો સિવાય વિવિંગ,એમ્બ્રોઈડરી, ગારમેન્ટ, સ્ટીચિંગ અને વોર્પ નિટિંગ ઇન્ડસ્ટ્રી ને SMC લિમિટમાં નવી ટેકસટાઈલ પોલીસીનો લાભ મળશે.નવી સ્થાપિત મશીનરી માટે કેપિટલ સબસીડી અને નવું HT/LT

અનુસંધાન પાના 3 પર

# બોગસ બિલીંગ કૌભાંડમાં જામનગરનાં CAની ધરપકડ

**૧૩થી** વધુ બોગસ પેઢી બતાવી ૧૨૫ કરોડની આઇટીસી ઉસેટી લીધી

**સીએ** બિપિન ભંડારીને ૧૪ દિવસની જયુડિશિયલ કસ્ટડી

સુરતઃ સુરત સહિત ગુજરાતભરમાં બોગસ બિલીંગનાં વધુ એક કૌભાંડમાં ડીજીજીઆઈએ જામનગરનાં ચાર્ટડ એકાઉન્ટન્ટની ધરપકડ કરી હતી. અગાઉ પણ એક કેસમાં સીએની ધરપકડ થઈ ચુકી છે.

બોગસ બિલીંગની તપાસ દરમિયાન ડીજીજીઆઈને મળેલી માહિતીનાં આધારે જામનગરનાં બી.આર.ભંડારી એન્ડ એસોસિએટનાં સીએ બિપિન રમેશભાઈ ભંડારીની ૧૨૫ કરોડની આઈટીસી- જીએસટી ચોરીમાં સુરત ડીજીજીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ સીએ દ્વારા ૧૩થી વધુ બોગસ કંપનીનાં નામે ૫૦૦થી ૬૦૦ કરોડનાં બોગસ બિલીંગનો વ્યવહારો કરવામાં આવ્યું હોવાનું જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું. સુરતના ડીજીજીઆઈ દ્વારા આરોપી સીએ બિપિન રમેશભાઈ ભંડારીને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. ડીજીજીઆઈના ખાસ સરકારી વકીલ ઈમરાન મલેક હાજર રહ્યાં હતાં. કોર્ટે આરોપી સીએ બિપિન રમેશભાઈ ભંડારીને ૧૪ દિવસની જયુડિશિયલ કસ્ટડીનો હુકમ કર્યો

અનુસંધાન પાના 3 પર

# સુરત એરપોર્ટ ધુમ્મસને પગલે 'અદ્રશ્યમ' 20 ફ્લાઈટ મોડી પડી

**વિઝિબિલિટી** 50 મીટરથી ઓછી થઈ જતાં ફ્લાઈટ્સ 2થી 5 કલાક મોડી પડી

સુરતઃ શહેરમાં રવિવારે વહેલી સવારથી છવાયેલા ઘેરા ધુમ્મસે જનજીવનની સાથે સાથે હવાઈ સેવા વ્યવસ્થાને પણ ગંભીર અસર પહોંચાડી હતી. સુરત એરપોર્ટ પર રનવેની વિઝિબિલિટી ઘટીને 50 મીટરથી પણ ઓછી થતાં લેન્ડિંગ અને ટેક-ઓફ પ્રક્રિયા અટકી પડી હતી. પરિણામે સુરત આવતી અને

અનુસંધાન પાના 3 પર

### રવિવારે કઇ ફ્લાઇટ કેટલી મોડી પડી?

» ઇન્ડિગો (સુરત-બેંગ્લોર) - 4.57 કલાક, 4.36 કલાક અને 1 કલાક » ઇન્ડિગો (દિલ્હી-સુરત) - 4.29 કલાક અને 48 મિનિટ » ઇન્ડિગો (હૈદરાબાદ-સુરત) - 4.19 કલાક » એરઈન્ડિયા એક્સપ્રેસ (દિલ્હી-સુરત) - 3.27 કલાક (અમદાવાદ ડાયવર્ટ) અને » એઆઇ એક્સપ્રેસ (દિલ્હી-સુરત): 2.47 કલાક » એરઇન્ડિયા એક્સપ્રેસ (સુરત-દુબઇ) - 3.18 કલાક » એરઇન્ડિયા એક્સપ્રેસ (સુરત-બેંગકોક) - 2.21 કલાક » એરઇન્ડિયા એક્સપ્રેસ (દુબઇ-સુરત) - 2.17 કલાક » ઇન્ડિગો (કોલકાતા-સુરત) - 1.8 કલાક » ઇન્ડિગો (સુરત-પુણે) - 1.38 કલાક » ઇન્ડિગો (સુરત-ચેન્નાઇ) - 1.30 કલાક » ઇન્ડિગો (સુરત-દિલ્હી) - 1.30 કલાક અને 1.5 કલાક » ઇન્ડિગો (સુરત-કોલકાતા) - 1.25 કલાક » ઇન્ડિગો (પુણે-સુરત) - 1.17 કલાક » એરઇન્ડિયા એક્સપ્રેસ (બેંગકોક-સુરત) - 1 કલાક » ઇન્ડિગો (સુરત-દિલ્હી): 1.5 કલાક » ઇન્ડિગો (દિલ્હી-સુરત): 48 મિનિટ » ઇન્ડિગો (ગોવા-સુરત) - 46 મિનિટ





(તસવીરો: સતીષ જાદવ, હેમંત ડેરે)











# હજીરાથી મગદલ્લાની સ્પર્ધામાં પાંચ હોડી પલટી ગઇ

**ભારે** પવનના કારણે સઢમાં કંપન થતાં ચાર હોડી કિનારા પર જ્યારે એક મધદરિયે ડૂબી ગઇ

સુરતઃ શહેરમાં હજીરા ખાતે છેલ્લા 45 વર્ષોથી યોજાતી સઢવાળી હોડીની સ્પર્ધામાં આજે પાંચ હોડી પલ્ટી ખાઈ ગઈ હતી.

હજીરાથી મગદલ્લા સુધી 21 કિમીની સ્પર્ધામાં 10 હોડીએ ભાગ લીધો હતો. રવિવારે 12:30 કલાકે સ્પર્ધાનું હજીરા જેટી પોર્ટ રો-રો ફેરી ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું. દરમિયાન કિનારા ઉપર 4 બોટ પલટી ગઈ હતી જ્યારે એક બોટ મધ દરિયે પલટી ખાઈ ગઈ હતી.

રેસ વિશેની માહિતિ આપતા નેશનલ ફાઈટર કલબનાં આગેવાનો પૈકી કપિલભાઈ પટેલ અને સાહિલ ભાઈ પટેલે જણાવ્યું હતુ કે,આજે સવારથી જ હવાની ગતી તેજ હોવાને કારણે બોટમાં લગાવવામાં આવેલાં શઢમાં વિવરિંગ (વાઈબ્રેશન) થવા લાગ્યું હતું તેને કારણે શઢ પાણીમાં નમી જતા રેસ શરૂ થાય તે પહેલાં જ ચાર બોટો કિનારા ઉપર પલટી ગઈ હતી. પહેલી ચાર બોટ હજીરા પોર્ટ રો-રો ફેરી પાસે પલટી ગઈ હતી. આ બોટો નરેશભાઈ તનસુખભાઈ પટેલ, સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ,કનુભાઈ નરસિંહભાઈ અને પ્રકાશભાઈ નામનાં રેસરોની હતી. જ્યારે એક બોટ કપિલભાઈની જ હતી જે રેસ દરમિયાન મધદરિયે પલટી ગઈ હતી.

પ્રથમ વિજેતા ગીજુ રામુ પટેલ(પુરસ્કાર-51000)
દ્વિતિય વિજેતા બાબુભાઈ ભાણાભાઈ પટેલને (પુરસ્કાર-31000)
તૃતિય વિજેતા બાબુભાઈ જસમતભાઈ પટેલને (પુરસ્કાર -25000)

# ૮૦૦ કરોડના કૌભાંડમાં ઠગ ગોપાલ શેખાવતની ધરપકડ



**બિહાર**-મહારાષ્ટ્રની પોલીસ ૧૧ વર્ષથી શોધી રહી હતી

**ગોપાલ** શેખાવત અને મોહંમદ સલીમખાન પર ૫૦-૫૦ હજારનું ઇનામ હતું

સુરતઃ બિહાર અને મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં નોંધાયેલા ગુનાઓમાં છેલ્લા ૧૧ વર્ષથી ફરાર અને ૫૦-૫૦ હજાર રૂપિયાના ઈનામી બે આરોપી સુરતમાંથી ઝડપાયા હતા. બંનેએ ૮૦૦ કરોડથી વધુનું કૌભાંડ કરી દેશના વિવિધ રાજ્યોમાં લોકો સાથે છેતરપિંડી કરી હોવાનું ખુલ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ક્રાઈમબ્રાન્ચે પાલ આરટીઓ

અનુસંધાન પાના 3 પર

### ફ્રેન્યાઇઝીના નામે લોકો પાસે રોકાણ કરાવ્યું હતું

સુરતના અડાજણ હનીપાર્ક રોડ પર 'એન' માર્ટ નામે મોલ શરૂ કર્યો હતો. ડુપ્લીકેટ દસ્તાવેજોના આધારે ન્યુ લુક મલ્ટીટ્રેડ પ્રા.લિ. અને ન્યુ લુક રિટેલ્સ પ્રા.લિ. નામે કંપનીઓ ઉભી કરી દેશભરના અલગ-અલગ રાજ્યોમાં હજારો લોકોનો સંપર્ક કરી 'એન માર્ટ' મોલની ફ્રેન્ચાઈઝી આપવાના બહાને તેમજ અન્ય આકર્ષક યોજનાઓ બતાવીને અબજો રૂપિયાનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. બાદમાં રોકાણકારોને રકમ પરત ન આપીને મોટી છેતરપિંડી આચરવામાં આવી હતી અને પૈસા માંગનાર લોકોને ધમકી આપવામાં આવતી હતી.આ કૌભાંડ મામલે બિહાર અને મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં કુલ ૫૪ ગુનાઓ નોંધાયા છે, જેમાં ૮૦૦ કરોડથી વધુની રકમની છેતરપિંડી થઈ છે. બિહારના બેગુસરાય જિલ્લાના નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓ લાંબા સમયથી ફરાર હતા.

### આ રાજ્યોમાં ૫૪ ગુના નોંધાયા છે

પકડાયેલા આરોપી ગોપાલ મોહનસિંહ શેખાવત અને મોહંમદ સલીમખાન વિરૂધ્ધ દેશના અનેક રાજ્યોમાં ગંભીર આર્થિક ગુનાઓ નોંધાયેલા છે. તપાસ મુજબ આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા તથા ગુજરાતમાં આરોપીઓ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત, ગુનાહિત સાજિશ, ડિપોઝિટરોને છેતરવાના તથા ચીટફંડ અને મની સર્ક્યુલેશન સ્કીમ સંબંધિત અનેક કેસ નોંધાયા છે. માત્ર આંધ્ર પ્રદેશમાં જ અલગ-અલગ જિલ્લાઓમાં ૨૦૧૧થી ૨૦૧૩ દરમિયાન અનેક પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયા છે, જ્યારે મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ,

અનુસંધાન પાના 3 પર

# બુરખાધારી મહિલાએ BRTS ડ્રાઈવરનું માથું ફોડી નાંખ્યું



**એક** દિવસ અગાઉ ડ્રાઇવરે બસ અધવચ્ચે ઊભી રાખવાની ના પાડી હતી

**બીજા** દિવસે મહિલા આ બસમાં ફરી ચડી અને કેબિનમાં જઇ ચાલકને તમાચા માર્યા

સુરત : સુરતમાં એક મહિલા મુસાફરે BRTSના ડ્રાઇવર પર હુમલો કર્યો હતો. તેણે ચાલકનો કોલર પકડીને તમાચા માર્યા હતા વાત આટલેથી અટકી ન હતી. તેણે ડ્રાઇવરના માથામાં મોબાઇલ મારી માથું ફોડી નાંખ્યું હતું.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર એક BRTS બસ વાય-જંક્શનથી સુરત રેલવે સ્ટેશન તરફ જઈ રહી હતી. બસમાં મુસાફરી કરી રહેલી એક મહિલા અધવચ્ચે બસ રોકવાની માગ કરી હતી. BRTSના નિયમ મુજબ બસ માત્ર નિર્ધારિત સ્ટોપેજ પર જ ઊભી રહે છે, જે બાબત ડ્રાઈવરે નમ્રતાપૂર્વક મહિલાને સમજાવી હતી. જોકે, ડ્રાઈવરનો જવાબ

અનુસંધાન પાના 3 પર

આ ઘટનાનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો.

### CCTVમાં કેદ થયેલી મહિલાની દાદાગીરીનો વીડિયો વાયરલ

બસની અંદર લાગેલા CCTV કેમેરામાં સમગ્ર ઘટના સ્પષ્ટ રીતે કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં જોવા મળે છે કે મહિલા પહેલા ડ્રાઇવર સાથે ઉગ્ર વાદવિવાદ કરે છે અને થોડી જ ક્ષણોમાં અચાનક હિંસક બની જાય છે. ડ્રાઇવરનો કોલર પકડીને માર મારતી અને મોબાઈલથી માથા પર પ્રહાર કરતી દ્રશ્યો ચોંકાવનારા છે.આ દ્રશ્યો સોશિયલ મીડિયા પર ફેલાતા જ લોકોમાં ભારે રોષ ફેલાયો છે. જાહેર પરિવહન જેવી સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પર થતા હુમલાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. અનેક લોકોએ આવા બનાવોને સમાજ માટે જોખમી ગણાવ્યા છે.હુમલામાં ઘાયલ થયેલા ડ્રાઇવરને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ તેણે વેસુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી શરૂ કરી છે.

# જમવાનું લાવવામાં મોડું થતાં યુવકને રહેંસી નાંખ્યો

**કાપોદ્રા** ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝની કંપાવનારી ઘટના, બે જણાંએ મળીને હથોડી, પાઈપ વડે મિત્રનું ઢીમ ઢાળી નાંખ્યું

સુરતઃ કાપોદ્રા ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં શનિવારે રાત્રે નજીવી બાબતે થયેલી તકરારમાં એક શ્રમિક યુવકની તેના જ મિત્રોએ ઘાતકી હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. માત્ર જમવાનું મોડું લાવવાની વાતે આવેશમાં આવી ગયેલા બે મિત્રએ કારખાનાનું શટર પાડી અજય નામના યુવકને લોખંડની હથોડી અને પાઈપ વડે રહેંસી નાખ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી બંને હત્યારાને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની સંતોષ રાજુ યાદવ અને તેનો મિત્ર અજયકુમાર એસ્ટેટની ગલીમાં પાર્ક કરેલા ટેમ્પામાં રહી મજૂરીકામ કરતા હતા. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે અજય 'ખાવાનું લઈને આવું છું' તેમ કહી નીકળ્યો હતો. અડધા કલાક સુધી અજય પરત નહીં આવતા સંતોષ તેને શોધવા નીકળ્યો હતો. સામે 'ચામુંડા એન્જીન્યરીંગ વર્ક્સ'માંથી ચીસાચીસનો અવાજ સાંભળી સંતોષે શટરની નીચેથી જોતા અંદર મનોજ સાકેત અને સુરેશ

અનુસંધાન પાના 3 પર

### જમવાનું લાવવામાં મોડું થયું તો બોલાચાલી થઇ અને બાદમાં વાત હત્યા સુધી પહોંચી

આરોપીઓની પૂછપરછમાં બહાર આવ્યું છે કે, તેઓ મૂળ મધ્યપ્રદેશના વતની છે અને આ જ કારખાનામાં રહીને કામ કરતા હતા. મૃતક અજય તેમનો મિત્ર હતો અને તેઓ સાથે જમતા હતા. શનિવારે રાત્રે અજય જમવાનું લાવવામાં મોડો પડતા તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને ઉશ્કેરાટમાં આવી બંનેએ અજયને માથામાં હથોડી અને લોખંડના સળિયા મારી હત્યા કરી નાંખી હતી.


ચોથી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



વ્હાલા બા, આપે જીવનભર કઠોર પરિશ્રમ કરી નિષ્ઠાપૂર્વક સાદગી ભર્યુ જીવન જીવ્યા, ધાર્મિક વિચારો અને મજબૂત મનોબળ ઠકી કર્મને જીવન મંત્ર બનાવી પરિવારને સમૃધ્ધ બનાવ્યો. આપના પુણ્ય શાળી આત્મા દ્વારા અમને પણ એવુ જીવવાની પ્રેરણા મળે આપના આશીર્વાદ વરસતા રહે તેમજ પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ

સ્વ. શાંતાબેન કેશવભાઈ પટેલ
સ્વ. તા. ૧૯/૦૧/૨૦૨૨

લિ.
વિજયભાઈ કેશવભાઈ પટેલ — નીતાબેન વિજયભાઈ પટેલ
પિયુષભાઈ કેશવભાઈ પટેલ — સ્વ. નીશાબેન પિયુષભાઈ પટેલ
રાજેશભાઈ કેશવભાઈ પટેલ — કામિનીબેન રાજેશભાઈ પટેલ
હસમુખભાઈ ભીખાભાઈ પટેલ — શોભનાબેન હસમુખભાઈ પટેલ
સતીષભાઈ વિઠ્ઠલભાઈ પટેલ — ભારતીબેન સતીષભાઈ પટેલ
જય રાજેશભાઈ પટેલ — આયુષી જય પટેલ
સમસ્ત પટેલ પરિવારના જય શ્રી કૃષ્ણ

સરનામુ - ૩, પટેલ પ્રકાશ સોસાયટી, પ્રાઈમ આર્કેડ પાસે, અડાજણ, સુરત

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



અ.સૌ. વસુમતીબેન રમેશભાઈ કંથારીયા
સ્વ. તા. ૧૯/૧/૨૦૨૧

દ્રષ્ટિમાં હજુએ રમે છે હસતો તમારો ચહેરો અંતરમાં હજુએ પછડાય છે તમારી સ્મૃતિના ધબકારા. અસ્તિત્વનું રોમ હજુએ અનુભવે છે તમારી હયાતીનો હુંફાળો સ્પર્શ.
ઈશ્વર તમારા આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
રમેશભાઈ ભુખણભાઈ કંથારીયા (પતિ)
હિરેનભાઈ રમેશભાઈ કંથારીયા (પુત્ર) — મમતાબેન હિરેનભાઈ કંથારીયા (પુત્રવધુ)
સંજયભાઈ ભાણાભાઈ જાડેજા (ભાણેજજમાઈ) — આરતીબેન સંજયભાઈ જાડેજા (ભાણેજ)
ભાવિકભાઈ પ્રવિણભાઈ સુરતી (જમાઈ) — બીનાબેન ભાવિકભાઈ સુરતી (દિકરી)
ચિંતનભાઈ અરૂણભાઈ પારનેરીઆ (જમાઈ) — દિવ્યાબેન ચિંતનભાઈ પારનેરીઆ (દિકરી)
રૂચિત, સ્મિત, ગૌરાંગ, નક્ષ, મનસ્વી, હર્ષ, નિશિવ, આશ્વી

નિવાસસ્થાન : ૩/૨૮૯૩, સલાબતપુરા, જુના માછીવાડ, રૂપમ ટોકિસની પાસે, સુરત

॥ રાજપુત અવસાન - બેસણું ॥



સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલાનું તા. ૧૭/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના.....

સદ્ગતનું સંયુકત બેસણું તા. ૨૧/૦૧/૨૦૨૬ને બુધવારના રોજ સમય સવારે ૧૦ થી સાંજે ૪ કલાક સુધી રજવાડી પાર્ટી પ્લોટ, કોસરોડ ખાતે રાખેલ છે.

:: શ્વસુર પક્ષ ::
સુરેન્દ્રસિંહ મોહનસિંહ મહિડા
ઈન્દ્રસિંહ સોમસિંહ મહિડા
હરેન્દ્રસિંહ ગણપતસિંહ મહિડા
દેવેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ મહિડા
(ગામ: સોડગામ, તા. વાલીયા)

લિ.
હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા(પુત્ર)
યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા(પુત્ર)
જયેન્દ્રસિંહ ધીરજસિંહ કોસમિયા(જમાઈ)
કૌશિકસિંહ નટવરસિંહ બાકરોલા(ભત્રીજા)
અનિરૂધ્ધસિંહ, કાવ્યરાજ, ઋતુરાજસિંહ
તથા સમસ્ત બાકરોલા પરિવાર

સ્થળ: રજવાડી પાર્ટી પ્લોટ, ન્યુ કોસાડ રોડ, ચીકુવાડીની સામે, અમરોલી-કોસાડ, સુરત. મો.: ૯૮૨૫૪ ૧૫૧૪૧, ૯૮૨૫૧ ૧૫૪૦૪.

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્નેહનો પર્યાય, વાત્સલ્યના વહેણ... પ્રેમના પ્રતિક, લાગણીનું મહાસાગર, જેમની યાદ માત્રથી હૃદયપ્રેમથી છલકાય ઉઠે છે, આજે પરિવારના સૌના હૈયે અને હોઠે છે, એક જ પ્રાર્થના 'જીવંત રહો અમારા હૃદયમાં, સદા ધબકતા રહો અમારી ચેતનામાં અને પ્રેરણામાં, સદેવ-સર્વદા'. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

સ્વ. ભીખુભાઈ દેવાભાઈ આહીર
સ્વ. તા. ૧૩/૦૧/૨૦૨૬

લિ.
ઠાકોરભાઈ દેવાભાઈ આહીર (પનામા) (ભાઈ) — પાર્થ સુરેશભાઇ આહીર (USA) (દોહીત્ર)
જીગ્નેશભાઇ રામુભાઈ આહીર (પનામા) (ભાઈ) — રાજવીર ભરતભાઇ આહીર (USA) (પૌત્ર)
મનીષભાઇ રામુભાઇ આહીર (પુર્વ સરપંચ, કામરેજ) (ભાઇ) — ભવ્ય અજીતભાઇ આહીર (USA) (પૌત્ર)
ભરતભાઇ ભીખુભાઇ આહીર (પનામા) (પુત્ર) — ધરમ જતીનભાઇ આહીર (USA) (પૌત્ર)
અજીતભાઇ ભીખુભાઇ આહીર (પુર્વ તા.પં. પ્રમુખ,કામરેજ)(પુત્ર) — દેવ જતીનભાઇ આહીર (USA) (પૌત્ર)
જતીનભાઇ ઠાકોરભાઇ આહીર (પનામા) (ભત્રીજા) — મનન શંભુભાઇ આહીર (USA) (પૌત્ર)
શંભુભાઇ ઠાકોરભાઇ આહીર (પનામા) (ભત્રીજા) — કિશ અજયભાઇ આહીર (USA) (દોહીત્ર)
જયદિપ જીજ્ઞેશભાઇ આહીર (પનામા) (ભત્રીજા) — આદિત્યસિંહ હરિસિંહ સીસોદીયા (USA) (દોહીત્ર)
આર્યન મનિષભાઇ આહીર (ભત્રીજા)

દેવાશિષ બંગ્લોઝ, દેવનગરી સોસાયટી, કામરેજ ગામ.